GJJM100010592024

**<u>આંક ૧ લગત હુકમ</u>**

(૧) હાલની ફરીયાદ અત્રેની કોર્ટમાં દાખલ થતા ફરીયાદ તથા તેની સાથેના દસ્તાવેજ વંચાણે લેતા હાલની ફરીયાદમાં જણાવેલ આરોપી એ ફરીયાદીને જે ચેક આપેલ તે રીટર્ન થયેલ હોઈ ફરીયાદીએ હાલની ફરીયાદ અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. હાલની ફરીયાદ દાખલ થઈ તે જ દિવસે આંક ૧ લગત હાલની ફરીયાદમાં જણાવેલ ગુનાનુ કોગ્નીઝન્સ લેતા પહેલા હાલની ફરીયાદમાં જણાવેલ આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૨૩ મુજબ સાંભળવાની તક આપવી ફરજીયાત અને જરૂરી હોઈ હાલની ફરીયાદ ઈન્કવાયરી પર રાખવાનો તારીખ ૨૬/૧૧/૨૦૨૪ ના રોજ હુકમ કરવામાં આવેલ છે અને હાલની ફરીયાદ માં જણાવેલ આરોપી સામે નોટીસ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) ઉપરોકત હુકમ બાદ આરોપીને નોટીસ કરતા આરોપીને આજ રોજ તારીખ ૦૭/૧૨/૨૦૨૪ ના રોજ નોટીસ બજી ગયેલ છે જે હાલના કામે આંક ૫ થી રજુ થયેલ છે. વધુમાં આરોપી તથા ફરીયાદીને હાલના કેસમાં સમાધાન થયેલ છે અને આંક ૬ થી મુદત પણ માંગેલ છે. જેથી હાલની ફરીયાદ બાબતે બંને પક્ષને સાંભળવામાં આવેલ છે.

(૩) ફરીયાદી તરફે વિધ્વાન વકીલશ્રી એન.બી.ચાવડા તરફે રજુઆત છે કે, ફરીયાદી અને આરોપી તેઓના ધંધાના કારણે પરીચયમાં આવેલ હોવાથી એકબીજાને ઓળખે છે અને આરોપીએ ફરીયાદી પાસેથી તેમના પિતાના પગના

ઓપરેશન માટે રૂપીયા ૩૦,૦૦૦/- ઉછીના લીધેલા અને આ રકમ ફરીયાદી એ આરોપી પાસેથી પરત માંગતા આરોપીએ ફરીયાદીને ચેક આપેલ જે ચેક રીટર્ન થયા બાદ ફરીયાદીએ આરોપીને કાનુની નોટીસ પણ આપેલ છે પરંતુ આરોપીએ આ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે ફરીયાદીને કોઈ રકમ પરત આપેલ નથી જેથી આરોપી એ ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોઈ આરોપી સામે તે મુજબનો યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે. જયારે આરોપી આજ રોજ હાજર હોઈ અને તેઓ ફરીયાદીને આજ રોજ રૂપીયા ૮૦૦૦/- રોકડા આપેલ છે અને તેઓ બાકીની રકમ ચુકવી આપશે તેવુ જણાવેલ છે.

(૪) ઉપરોકત રજુઆત તેમજ હાલના કામે ફરીયાદી ની ફરીયાદ સાથે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા હાલના કેસમાં ફરીયાદી એ આરોપીને તેમના પિતાના પગના ઓપરેશન માટે ઉછીના રૂપીયા ૩૦,૦૦૦/- આપેલા અને ફરીયાદીના કાયદેસરના લેણા પેટે આરોપીએ રૂપીયા ૩૦,૦૦૦/- નો ચેક આપેલ છે અને તે ચેક 'અધર રીસન્સ' અને 'ટેકનીકલ ઈસ્યુ' ના શેરા સાથે રીટર્ન થયેલ છે. વધુમાં હાલના આરોપીને હાલની ફરીયાદ બાબતે રજુઆત કરવા માટે તક આપવા માટે નોટીસ કરતા આરોપી એ હાજર થઈ આંક ૬ થી જણાવેલ છે કે તેઓએ આજ રોજ રૂપીયા ૮૦૦૦/- ફરીયાદીને આપેલ છે અને બાકી રકમ ફરીયાદીને આપવા માટે મુદત અરજી પણ આપેલ છે. આમ, બંને પક્ષની રજુઆત ધ્યાને લેતા હાલના આરોપીએ ચેક આપેલ છે અને તે રીટર્ન થયેલ છે તે બાબતે કોઈ તકરાર લીધેલ નથી. જેથી હાલની ફરીયાદ તથા સાથે રજુ થયેલ અસલ દસ્તાવેજો ધ્યાને લેતા હાલની ફરીયાદના આરોપીએ ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ નો ગુન્હો કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય આવે છે જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

- હાલની ઈન્કવાયરી ફેસલ કરવામાં આવે છે અને હાલની ફરીયાદને ક્રિમિનલ કેસ તરીકે રજીસ્ટર કરવાનો હુકમ કરવામાં આવે છે.
- હાલની ફરિયાદમાં જણાવેલ આરોપી સામે નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબનો તારીખ ૨૩/૧૨/૨૦૨૪ ના રોજ નો સમન્સ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ સને ૨૦૨૪ ના ડિસેમ્બર મહીના ની તારીખ ૦૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૭/૧૨/૨૦૨૪.
ધ્રોલ.

**(મિલાપ એ. કોટડીયા)**
**કોડ નં. – જીજે ૦૧૬૩૪**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ધ્રોલ